# ગર્લ્સ હોસ્ટેલ માટે એડમીશનની નોટીસ ૨૦૨૧-૨૨

## સંસ્થાનાં અનુસ્નાતક(ME) વિદ્યાર્થીનીઓ માટે

તા :૧૮/૦૪/૨૦૨૨

સરકારી ઇજનેરી કોલેજ,સેક્ટર ૨૮ ગાંધીનગરનાં વિવિધ સ્નાતક વર્ગની વિદ્યાર્થિનીઓ માટે ગર્લ્સ હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. સરકારશ્રી દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવેલ તા: ૦૭-૦૧-૨૦૨૧ અને તા: ૦૯-૦૭-૨૦૨૧ પ્રમાણે હોસ્ટેલની જગાઓમાં કોવીડ-૧૯નાં કારણે ફેરફાર થયેલ હતો જેમાં તા-૦૨-૦૩-૨૦૨૨ની માર્ગદર્શિકા પ્રમાણે ઉપલબ્ધ થયેલ જગાઓ પર સંસ્થાની ગર્લ્સ હોસ્ટેલમાં નવા હોસ્ટેલ એડમીશન કરાવવામાં આવે છે. તાજેતરમાં ઉપલબ્ધ થયેલ જ્ગ્યાઓ પર ખાસ કિસ્સા તરીકે આ જોગવાઈ માત્ર આ વર્ષ પુરતી જ લાગુ રહેશે.જેમાં સંસ્થામાં અનુસ્નાતક(ME) વર્ગનાં અભ્યાસ કરતી હોય અને હોસ્ટેલમાં રહેવા રસ ધરાવતી હોય તેવી વિદ્યાર્થિનીઓની અરજીઓ નીચે મુજબ સ્વીકારવામાં આવે છે.

**પ્રથમ વર્ષ(અનુસ્નાતક)ની વિદ્યાર્થીનીઓ માટેની હોસ્ટેલ એડમીશનની પ્રક્રિયા:-**

- **એડમીશન માટે ફોર્મ ભરવાની તારીખ ૧૮/૦૪/૨૦૨૨ થી તા.૨૪/૦૪/૨૦૨૨ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી** વિદ્યાર્થીએ આ લીંક https://forms.gle/5tMLbAD8a1Ec8r7h7પર જઈ ને તેના પર હોસ્ટેલ ફોર્મ પર ક્લિક કરી તેમાં રહેલ ઓનલાઈન ફોર્મ ભરવું. ત્યારબાદ તેનો રીપોર્ટ જે-તે વિદ્યાર્થીનાં EMAIL જાય તેની નકલની પ્રિન્ટ લઇ સાચવી રાખવી.નિયત સમય મર્યાદા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
- નિયત સમય મર્યાદામાં ફોર્મ ભરાયા બાદ વિદ્યાર્થીઓના બ્રાંચ અને જાતીનાં સરકારે નક્કી કરેલ ધારા ધોરણ પ્રમાણે પ્રોવિશનલ મેરીટ લીસ્ટ સંસ્થાની વેબસાઈટ પર મુકવામાં આવશે. જેમાં મેરીટ લીસ્ટમાં આવેલ વિદ્યાર્થીઓ એ સંસ્થામાં રૂબરૂ આવીને ફોર્મમાં ભરેલ દરેક વિગતના અસલ પ્રમાણ પત્રો (દા.ત EMAIL-માં સાચવી રાખેલ ફોર્મ,આધારકાર્ડ,ACPC એડમીશન લેટર(જે-તે વખતે એડમીશન લીધેલ હોય તે વખતનો), જાતીનો દાખલો, નોન ક્રીમીલેયર અને એક પાસપોર્ટ સાઈઝનો ફોટો)રજુ કરવા નો રેહશે. અને તેની નકલ જમા કરાવવાની રહેશે.
- ત્યારબાદમાં વિદ્યાર્થીઓનાં રૂમ નંબર સાથે મેરીટ લીસ્ટમા નામ આવનાર વિદ્યાર્થીઓએ ફી ભરી તેની રસીદ હોસ્ટેલમાં જમા કરાવ્યા બાદ હોસ્ટેલમાં રૂમનો કબજો મેળવવાનો રહેશે.
- હોસ્ટેલની એક સેમેસ્ટરની ફી રૂપિયા ૨૦૦૦/- છે અને હોસ્ટેલમાં એડમીશન લેતી વખતે પહેલી વખતે રૂપિયા ૨૦૦૦/- સિક્યુરીટી ડીપોઝીટની રકમ એટલે કે રૂપિયા ૪૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર)ભરી પોતાનું હોસ્ટેલ એડમીશન કન્ફર્મ કરાવવાનું રહેશે.(સિક્યુરીટી ડીપોઝીટની રકમ વિદ્યાર્થી હોસ્ટેલ છોડે ત્યારે તેને પરત મળવાપાત્ર રહેશે.
- હોસ્ટેલમાં અત્યારે મેસની સુવિધા ઉપલબ્ધ નથી.

KBhadbat
ગર્લ્સ હોસ્ટેલ વોર્ડન

ગર્લ્સ હોસ્ટેલ વોર્ડન

હોસ્ટેલ રેક્ટર

આચાર્યશ્રી